# આત્મધર્મ

માસિક : વર્ષ-૧ * અંક-૧૧ * જુલાઈ, ૨૦૦૭



**ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એટલે કે એનો કોઈ પણ પર્યાય પણ વ્યવસ્થિતપણે પરિણમે અને વ્યવસ્થિતપણે બીજાને જાણે એનું નામ જ્ઞાન!**

**જ્ઞાનગુણમાં સ્વપરનું વ્યવસ્થિત જાણવું એવું જ એનું સામર્થ્ય છે. આવા સ્વભાવવંતને આત્મા ન માને ને બીજી રીતે માને તેણે આત્મા જ માન્યો નથી.**

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ સંસારમાં મનુષ્ય ભોજનથી ક્ષુધાને, શીતળ જળથી તરસને, મંત્રથી ભૂત-પિચાશાદિને, સામ, દામ, દંડ અને ભેદથી શત્રુને તથા ઔષધિથી રોગોના સમૂહને શાંત કર્યા કરે છે. પરંતુ મૃત્યુને દેવ પણ શાંત કરી શકતા નથી. આ રીતે વિચાર કરીને વિદ્વાન મનુષ્યો મિત્ર અથવા પુત્ર મરવા છતાં શોક કરતા નથી પણ એક ધર્મનું જ આચરણ કરે છે અને તેનાથી જ તે મૃત્યુ ઉપર વિજય મેળવે છે. ૯૮૬.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, અધિ.-૧, શ્લોક-૧૭૭)*

❀ આત્મા અને દેહના ભેદવિજ્ઞાનથી ઉત્પન્ન થયેલા આહ્લાદથી જે આનંદિત છે તે તપં દ્વારા ભયાનક દુષ્કર્મોને ભોગવતો હોવા છતાં ખેદ પામતો નથી. ૯૮૭.

*(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૩૪)*

❀ જે જીવ સંસારથી—ભવભયથી ડરે છે તેને જિનભગવાનની આજ્ઞાનો ભંગ કરતાં ભય લાગે છે; અને જેને ભવભયનો ડર નથી તેને તો જિન-આજ્ઞાનો ભંગ કરવો રમતમાત્ર છે. ૯૮૮. *(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૫૯)*

❀ મરણ પર્યંત કષ્ટ તો સંસારી જીવ કબૂલ કરે છે પણ ક્રોધાદિની પીડા સહન કરવી કબૂલ કરતો નથી. તેથી એવો નિશ્ચય થાય છે કે મરણાદિકથી પણ એ કષાયોની પીડા અધિક છે. ૯૮૯. *(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ.-૩, પાનું-૫૯)*

❀ સમ્યગ્દષ્ટિને કદી પણ એ વ્યાધિના સ્થાનભૂત ઈન્દ્રિયવિષયમાં અત્યંત અનાદરભાવ અસિદ્ધ નથી, કારણ કે તે ઈન્દ્રિય-વિષય પોતે જ બાધાના હેતુ (નિમિત્ત) છે અને તેથી રોગમાં અને ભોગમાં કોઈ તફાવત નથી. ૯૯૦.

*(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૫૩૦)*

❀ સદ્‌વિવેકવાન શિષ્ય તો એમ વિચારે કે—પરમ દુઃખના કારણરૂપ એવા મારા દોષો પ્રગટ કરી મને દોષ મુક્ત કરવા પરમગુરુ મને ભલી શિક્ષા આપે છે, જે મને રોમ રોમ અતિ પ્રિય છે. એ સમ્યક્‌શિક્ષા જો મને આવા અનુપમ અવસરે પ્રાપ્ત ના થઈ હોત તો મારી શું સ્થિતિ થાત? હું કેવા મિથ્યાભાવોમાં વહ્યો જાત? તત્ત્વ-નિર્ણય થઈ અપૂર્વ શાંતિ ક્યાંથી પ્રાપ્ત થાત? હેય-ઉપાદેયનો સદ્‌વિવેક મને ક્યાંથી જાગૃત થાત? આવા આવા વિચારોથી તે સુશિષ્યને સદ્‌ગુરુપ્રાપ્ત કઠોર અને દોષને પ્રગટ કરનારી શિક્ષા પણ ઈષ્ટરૂપ ભાસે છે. ૯૯૧. *(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૧૪)*

❄

વર્ષ-૧
અંક-૧૧

સંવત
૨૦૬૩
July
A.D. 2007




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## કારણશુદ્ધપર્યાય

### કેવળજ્ઞાનરૂપી કાર્યના કારણભૂત કારણસ્વભાવ–જ્ઞાનઉપયોગ

(શ્રી 'નિયમસાર' ગાથા-૧૦ તથા તેની ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનો :)

[ગતાંકથી ચાલુ, પ્રવચન નં. ૪]

અહો! જંગલમાં વસનારા ને આત્માના આનંદમાં મશગૂલ રહેનારા વીતરાગી મુનિરાજના શ્રીમુખેથી પરમાગમરૂપી અમૃત ઝર્યાં છે. તેમાં આત્માના સ્વભાવનું વર્ણન કરતાં કહે છે કે હે ભાઈ! તારા ધર્મનું ધ્રુવ કારણ તો તારામાં સદા વિદ્યમાન છે જ પણ તું તેને કારણ બનાવતો નથી. આ કારણમાં અંતર્મુખ થઈને કાર્ય પ્રગટ કરતાં ખબર પડે છે કે અહો! આ મારા કાર્યનું કારણ!!–આવું ભાન થતાં કારણનું કારણપણું સફળ થાય છે.

અંતર્મુખ થઈને અપૂર્વ કાર્ય પ્રગટ કર્યું ત્યારે કારણનું ભાન નવું પ્રગટ્યું અને ખબર પડી કે અહો! મારામાં આવું કારણ તો પહેલાં પણ હતું પણ મને તેનું ભાન ન હતું તેથી કાર્ય ન પ્રગટ્યું. હવે કારણના મહિમાની ખબર પડી, કારણનું ભાન થતાં કાર્ય પ્રગટ્યું ને કારણ સાથે કાર્યની અપૂર્વ સંધિ થઈ. અહો! શ્રી મુનિવરોએ કારણ અને કાર્યને સાથે ને સાથે રાખીને અમૃત રેડ્યાં છે.

આ સમજીને, અંતર્મુખ થઈને, જે જીવ નિજ સ્વભાવમાં ઊંડે...ઊંડે...ઊતરી જાય છે, તેને મોક્ષદશા ખીલી જાય છે...તે સાદિ–અનંત મંગળરૂપ છે.

હવે 'નિયમસાર'ની આ દસમી ગાથા શરૂ થાય છે. આજથી બરાબર બાર વર્ષ પહેલાં પોષ સુદ નોમે આ 'કારણશુદ્ધપર્યાય'ની વાત બહાર આવી હતી ને આજે પણ બરાબર એ જ દિવસે આ દસમી ગાથા શરૂ થાય છે. આ ગાથામાં જ્ઞાનની કારણશુદ્ધપર્યાયનું સ્પષ્ટ વર્ણન છે. આખા આત્માની કાણશુદ્ધપર્યાયનું વર્ણન તો હજી પંદરમી ગાથામાં આવશે.

આ ગાથામાં જીવનું લક્ષણ જે ઉપયોગ, તેના ભેદોનું વર્ણન કરતાં સ્વભાવજ્ઞાનઉપયોગને 'કારણ' અને 'કાર્ય'રૂપે બતાવીને ઘણી સરસ વાત કરી છે. જુઓ! મૂળ ગાથા—

जीवो उवओगमओ उवओगो णाणदंसणो होइ।
णाणुवओगो दुविहो सहावणाणं विहावणाणं ति॥

ઉપયોગમય છે જીવ ને ઉપયોગ દર્શન-જ્ઞાન છે;
જ્ઞાનોપયોગ સ્વભાવ તેમ વિભાવરૂપ દ્વિવિધ છે.

"જીવ ઉપયોગમય છે. ઉપયોગ જ્ઞાન અને દર્શન છે. જ્ઞાનોપયોગ બે પ્રકારનો છે : સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાન."

અહીં (ગાથામાં) ઉપયોગનું લક્ષણ કહ્યું છે.

'જીવ ઉપયોગમય છે.' 'ઉપયોગ' કહેતાં અહીં 'પરિણામ'ની વાત છે....જીવનું લક્ષણ જે ઉપયોગ તે ઉપયોગના પ્રકારોનું અહીં વર્ણન કર્યું છે. ઉપયોગના જેટલા પ્રકારો અહીં કહેશે, તે બધા પ્રકારો પર્યાયરૂપ છે—એ વાત લક્ષમાં રાખવી.

પહેલાં 'ઉપયોગ' એટલે શું? તે કહે છે. પછી તેના પ્રકારો સમજાવશે.

"આત્માનો ચૈતન્ય-અનુવર્તી (ચૈતન્યને અનુસરીને વર્તનારો) પરિણામ તે ઉપયોગ છે."

જુઓ! આ ઉપયોગની વ્યાખ્યા. આત્માનો જે ત્રિકાળ ચૈતન્યસ્વભાવ, તેને અનુસરીને વર્તનારો પરિણામ તે ઉપયોગ છે. આમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવી ગયા : 'આત્મા'નો તે દ્રવ્ય; 'ચૈતન્ય' તે ગુણ; 'અનુવર્તી પરિણામ' તે પર્યાય. આત્મા તે 'દ્રવ્ય' અને ચૈતન્ય તેનો ત્રિકાળી ગુણ' અને ચૈતન્યને અનુસરીને વર્તનારા 'પરિણામ'ને ઉપયોગ કહે છે.

'ઉપયોગ' કોઈ પરને, ઈન્દ્રિયોને કે રાગને અનુસરીને થાય છે-એમ ન કહ્યું; પણ ચૈતન્યને જ અનુસરીને થાય છે-એમ કહીને ત્રિકાળી સ્વભાવ તરફનું વલણ કરાવ્યું છે.

"ઉપયોગ 'ધર્મ' છે, જીવ 'ધર્મી' છે. દીપક અને પ્રકાશના જેવો એમને સંબંધ છે."

જુઓ! આત્મા ચૈતન્ય-દીપક છે ને ઉપયોગ તેનો પ્રકાશ છે.

રાગાદિભાવો, તે તો અંધકાર જેવા છે. જેમ પ્રકાશમાં અંધારું નથી તેમ ઉપયોગમાં રાગ-દ્વેષ નથી. રાગ-દ્વેષ, તે આત્માનો સ્વભાવ નથી. સ્વાભાવિક જ્ઞાનોપયોગ, તે જ આત્માનો સ્વભાવ છે.—આવું ભેદજ્ઞાન કરવું તે મુક્તિનું કારણ છે.

ઉપયોગ તે જીવની પર્યાય છે માટે તે 'ધર્મ' છે ને તે પર્યાયનો ધરનાર જીવ છે તેથી તે 'ધર્મી' છે.

ઉપયોગના જેટલા પ્રકારો પડે તે કોઈ બીજાથી નથી પણ જીવનો જ ધર્મ છે. મતિજ્ઞાનોપયોગ હો કે ત્રિકાળ શુદ્ધોપયોગ હો, તે બધાય ઉપયોગ જીવનો ધર્મ છે ને જીવ ધર્મી છે.

જેમ દીવો સ્વભાવથી જ પ્રકાશવાળો છે, દીવાનો પ્રકાશ પરને લીધે નથી. તેમ આત્મા ચૈતન્યદીપક છે ને ઉપયોગ તેનો પ્રકાશ છે. આત્મા સ્વભાવથી જ ઉપયોગસ્વરૂપ છે. તેનો ઉપયોગ કોઈ પરને લીધે નથી. મતિ-શ્રુતજ્ઞાનનો ઉપયોગ પણ ઈન્દ્રિયો કે મનને લીધે થતો નથી, તે ઉપયોગ પણ જીવનો ધર્મ છે.

"જ્ઞાન અને દર્શનના ભેદથી આ ઉપયોગના બે પ્રકારો છે (અર્થાત્ ઉપયોગના બે પ્રકાર છે : જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ)."

ચૈતન્યનો ઉપયોગ કહેતાં તેમાં જ્ઞાન અને દર્શન બંનેનો વેપાર આવી જાય છે. જ્ઞાન અને દર્શન એવા બે પ્રકારનો ઉપયોગ છે. જ્ઞાનને અનુસરીને વર્તનારા પરિણામ, તે જ્ઞાનોપયોગ છે ને દર્શનને અનુસરીને વર્તનારા પરિણામ, તે દર્શનોપયોગ છે. તેમાંથી જ્ઞાનોપયોગના એકંદરે નવ પ્રકાર (-એક કારણરૂપ ને આઠ કાર્યરૂપ) વર્ણવશે તથા દર્શનોપયોગના પાંચ પ્રકાર (—એક કારણરૂપ ને ચાર કાર્યરૂપ) વર્ણવશે. આ રીતે ઉપયોગના બધા મળીને ચૌદ ભેદ લીધા છે. આ બધા પ્રકારના ઉપયોગ-ધર્મોનો આધાર જીવ છે. પહેલાં જેમ શ્વેતાદિ ગુણોનો (-પર્યાયોનો) આધાર પુદ્ગલ કહ્યો તેમ અહીં ઉપયોગ-પરિણામનો આધાર જીવ છે.

[ઉપયોગના બે પ્રકાર છે : જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ.] "આમાં જ્ઞાનોપયોગ પણ સ્વભાવ અને વિભાવના ભેદને લીધે બે પ્રકારનો છે (અર્થાત્ જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે : સ્વભાવજ્ઞાનોપયોગ અને વિભાવજ્ઞાનોપયોગ)."

આ ગુણની વાત નથી પણ તેના પરિણામોની વાત છે. સ્વભાવજ્ઞાનોપયોગ-પરિણામ અને વિભાવજ્ઞાનોપયોગ-પરિણામ—એમ બે પ્રકારનો જ્ઞાનનો ઉપયોગ છે.

સ્વભાવ અને વિભાવ, એવા બે પ્રકારના જ્ઞાનોપયોગમાંથી, સ્વભાવજ્ઞાનોપયોગને 'કારણ' અને 'કાર્ય'—એમ બે પ્રકારનો કહેશે, તેમાં ખાસ વાત આવશે.

સ્વભાવજ્ઞાનોપયોગમાં 'કારણસ્વભાવજ્ઞાનોપયોગ' ને 'કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ'—એવા બે પ્રકાર છે; તે બે ભેદ બતાવવાનો એ હેતુ છે કે 'કારણના અવલંબને કાર્ય થાય છે.'

અહીં પહેલાં 'સ્વભાવજ્ઞાનોપયોગ'નું વર્ણન કરે છે. પછી તેના કારણ અને કાર્ય—એવા બે ભેદ પાડીને તેનું વર્ણન કરશે. કેવો છે આત્માનો સ્વભાવજ્ઞાનોપયોગ?

"તેમાં સ્વભાવજ્ઞાન અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે; તે પણ કાર્ય અને કારણરૂપે બે પ્રકારનું છે (અર્થાત્ સ્વભાવજ્ઞાનના પણ બે પ્રકાર છે : 'કાર્યસ્વભાવજ્ઞાન' અને 'કારણસ્વભાવજ્ઞાન') કાર્ય તો સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન છે અને તેનું કારણ પરમપારિણામિકભાવે રહેલું ત્રિકાળનિરૂપાધિરૂપ સહજજ્ઞાન છે."

સ્વભાવજ્ઞાનોપયોગની આ વ્યાખ્યા કારણ અને કાર્ય બંનેને લાગુ પડે છે. સ્વભાવજ્ઞાનોપયોગ પણ કારણરૂપ અને કાર્યરૂપ—એમ બે પ્રકારનો છે. ચૈતન્યસ્વભાવને અનુસરીને વર્તનારા જે સ્વભાવજ્ઞાનોપયોગરૂપ પરિણામ, તે કારણ અને કાર્ય—એવા બે ભેદવાળા છે.

(૧) કારણસ્વભાવજ્ઞાનોપયોગ-પરિણામ.

(૨) કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ-પરિણામ.

[વિભાવજ્ઞાનોપયોગના ભેદ હવે પછી લેશે.]

કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ તે તો પરિપૂર્ણ નિર્મળ—એવું કેવળજ્ઞાન છે અને તે કેવળજ્ઞાનના કારણરૂપ પરમપારિણામિકભાવે રહેલું ત્રિકાળનિરુપાધિરૂપ સહજજ્ઞાન છે તે કારણસ્વભાવજ્ઞાનોપયોગ છે.

આ બંને પ્રકારના ઉપયોગ અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે. તેમાંથી, કારણસ્વભાવજ્ઞાનોપયોગ તો સદાય અનાદિ-અનંત અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી સ્વભાવવાળો છે ને કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ પણ પ્રગટ્યા પછી તેવા જ સ્વભાવવાળો છે.

કારણરૂપ સ્વભાવજ્ઞાનોપયોગ તો સદાય પરમપારિણામિકભાવમાં સ્થિત છે જ; તે કાંઈ નવો થતો નથી. તેમાંથી કેવળજ્ઞાન નવું પ્રગટે છે, તેને કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ કહે છે.

આ કારણરૂપ કે કાર્યરૂપ જેટલા ઉપયોગ કહેવાય છે તે બધા પરિણામરૂપ છે; કેમ કે ચૈતન્યને અનુસરીને વર્તતા પરિણામ તે ઉપયોગ છે ને તેના પ્રકારોનું આ વર્ણન ચાલે છે.

કારણસ્વભાવજ્ઞાનોપયોગ બધાય જીવોમાં અત્યારે પણ વર્તી રહ્યો છે,—તેની વાત ખાસ સમજવા જેવી છે.

આત્માના ચૈતન્યસ્વભાવને અનુસરીને વર્તતા જ્ઞાનોપયોગ સ્વભાવ–પરિણામ એક 'કારણસ્વભાવરૂપ' છે, ને બીજા 'કાર્યસ્વભાવરૂપ' છે. તેમાં કારણસ્વભાવરૂપજ્ઞાનોપયોગ અનાદિ-અનંત છે ને કાર્યસ્વભાવરૂપજ્ઞાનોપયોગ સાદિ–અનંત છે.

કારણસ્વભાવજ્ઞાનને 'પરમપારિણામિકભાવમાં સ્થિત' કહ્યું છે, એટલે શું? પરમપારિણામિકભાવ તો ત્રિકાળી દ્રવ્ય છે ને આ કારણસ્વભાવજ્ઞાનોપયોગ તે પરમપારિણામિકભાવમાં સ્થિત છે. 'પરમપારિણામિકભાવ' તે દ્રવ્ય છે; 'તેમાં સ્થિત' તે પર્યાય છે.–કઈ પ્ર્યાય? ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય નહિ, સંસાર-મોક્ષરૂપ પર્યાય નહિ પણ ત્રિકાળ સ્વભાવમાં સ્થિતપણે આ પર્યાય વર્તે છે. તે નિરપેક્ષ છે, કર્મની ઉપાધિરહિત છે, સદૃશપરિણમનરૂપ છે, સામાન્ય પારિણામિકભાવની વિશેષપરિણતિરૂપે છે, વર્તમાન વર્તે છે, તે પૂજ્ય છે, મહિમાવંત છે, આશ્રય કરવા યોગ્ય છે. આ વર્તમાન ધ્રુવ કારણરૂપ છે. તે ધ્રુવ કારણના આશ્રયે પૂરું કાર્ય પ્રગટી જાય છે ને પછી પણ ધ્રુવ કારણના આધારે જ પૂરું કાર્ય ટકે છે. અહો! આવું સદૃશરૂપ ધ્રુવ કારણ પરિપૂર્ણસ્વરૂપે આત્મામાં વર્તમાન એકરૂપ વર્તે છે. આ કારણને પકડતાં નિર્મળ કાર્ય થઈ જાય છે.

કેવળજ્ઞાનરૂપ સ્વભાવકાર્ય તો જ્યારે પ્રગટે ત્યારે વર્તમાન છે; પરંતુ તે કેવળજ્ઞાન પ્રગટ્યા પહેલાં તેના સ્વભાવકારણરૂપ એવો આ સહજ સ્વાભાવિકજ્ઞાનોપયોગ, પરમપારિણામિકભાવમાં સ્થિતપણે સદા વર્તમાન બિરાજી રહ્યો છે.

કેવળજ્ઞાનરૂપ કાર્ય તો પુરુષાર્થથી નવું પ્રગટે છે. જ્યારે આ કારણસ્વભાવજ્ઞાનોપયોગ તો આત્મા સાથે અનાદિ-અનંત વર્તે છે, તે કાંઈ નવો નથી પ્રગટતો, તેનું ભાન નવું પ્રગટે છે.

શ્રી 'સમયસાર'ની બીજી ગાથામાં "જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત"—એમ કહ્યું છે, તેમાં તો દર્શન-જ્ઞાન-ચારિત્રની નવી પર્યાય પ્રગટી તેની (એટલે કે મોક્ષમાર્ગની) વાત છે. અહીં 'પરમપારિણામિકભાવમાં સ્થિત' કહ્યું છે તે તો ત્રિકાળી ઉપયોગ–પરિણતિની વાત છે. છતાં આ પણ છે તો પરિણામ! 'ચૈતન્ય-અનુવિધાયી પરિણામને ઉપયોગ કહ્યો છે' તે વ્યાખ્યા આમાં પણ લાગુ પડે છે; આ ઉપયોગ ત્રણેકાળે આત્માના ચૈતન્યસ્વભાવને અનુસરીને વર્તે છે; આને 'પરિણતિ' કહી છતાં વેદન તેનું નથી, વેદન તો તેના આશ્રયે જે નવી પર્યાય પ્રગટે તેનું થાય છે.

અહીં 'ઉપયોગ'ની વાત લીધી છે, બીજા ગુણોની વાત નથી લીધી. પણ તેમાંય (સુખ, શ્રદ્ધા વગેરે ગુણમાંય) આ ઉપયોગ પ્રમાણે સમજી લેવું. કારણશુદ્ધપરિણતિની વાત ઉપયોગની માફક જીવના બધા ગુણોમાં પણ લાગુ પડે છે.

જુઓ ભાઈ! આ વાત બહુ ઝીણી છે પણ એકદમ અંતરના સ્વભાવની છે. જલદી ન સમજાય તોપણ અંદર મહિમા લાવીને ધ્યાનપૂર્વક સાંભળવું. આ કાંઈક આત્માના મહિમાની વાત કહેવાય છે!— એમ અંતરથી બહુમાન કરવું તે પણ જ્ઞાનની નિર્મળતાનું કારણ છે.

મૂળ સૂત્રમાં શ્રી આચાર્યભગવાને જ્ઞાનોપયોગને સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાન—એમ બે પ્રકારનો કહ્યો છે; તેમાંથી ટીકાકારે અદ્‌ભુત ભાવો ખોલ્યાં છે. સ્વભાવજ્ઞાનોપયોગ કહ્યો તેમાંથી કારણ અને કાર્ય એવા બે પ્રકાર કાઢ્યા.

અહીં હજી સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાનના ભેદો બતાવે છે. તેમાં પ્રત્યક્ષ અને પરોક્ષની વાત પછી કહેશે.

અહીં જેને 'કારણસ્વભાવજ્ઞાનોપયોગ' કહ્યો તેને જ આગળ ૧૧-૧૨ ગાથામાં 'સ્વરૂપપ્રત્યક્ષ સહજજ્ઞાન' તરીકે વર્ણવશે. ત્યાં કેવળજ્ઞાનને સકલ પ્રત્યક્ષ કહેશે ને સહજજ્ઞાનને સ્વરૂપપ્રત્યક્ષ કહેશે.

આત્માના ચૈતન્યસ્વભાવને અનુસરીને વર્તનાર જે સકળવિમળ કેવળજ્ઞાન–પરિણામ તે કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ છે. આ સ્વભાવકાર્યના કારણરૂપ જે ઉપયોગ છે તે કારણસ્વભાવ-

જ્ઞાનોપયોગ છે, તે પણ આત્માના ચૈતન્યસ્વભાવને અનુસરીને વર્તનાર સહજપરિણામ છે.

કારણસ્વભાવજ્ઞાનોપયોગ ત્રિકાળ નિરુપાધિરૂપ છે તથા કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ પ્રગટ્યા પછી સાદિ-અનંત નિરુપાધિ(રૂપ) છે.

કારણસ્વભાવજ્ઞાન પરમપારિણામિકભાવે રહેલું છે તથા કાર્યસ્વભાવજ્ઞાન (એટલે કે કેવળજ્ઞાન) ક્ષાયિકભાવે રહેલું છે.

તેરમા ગુણસ્થાને પરિપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન પ્રગટે છે તે કાર્ય છે;—તે કાર્યનું કારણ કોણ? કાર્ય પ્રગટ્યું ક્યાંથી? ક્યા કારણના અવલંબનથી કાર્ય પ્રગટ્યું? તે અહીં ઓળખાવે છે :

કોઈ પરદ્રવ્ય આત્માના કેવળજ્ઞાનરૂપી કાર્યનું કારણ નથી; ઉત્તમ સંહનનવાળું શરીર વગેરે નિમિત્તોમાંથી કેવળજ્ઞાન આવતું નથી.

શુભ-અશુભ વિકારીભાવો, તે પણ કેવળજ્ઞાનનું કારણ નથી. શુભાશુભભાવો તો કેવળજ્ઞાનના બાધક છે, તેમાંથી કેવળજ્ઞાન કેમ આવે?

સાધકદશામાં મતિ, શ્રુત વગેરે જ્ઞાન હોય છે, તેને વ્યવહારથી કેવળજ્ઞાનનું કારણ કહેવાય છે પણ ખરેખર તે અધૂરા જ્ઞાનમાંથી કેવળજ્ઞાન આવતું નથી, એટલે તે પણ ખરેખર કેવળજ્ઞાનનું કારણ નથી; તેના આશ્રયથી કેવળજ્ઞાન થતું નથી. અધૂરી પર્યાયમાંથી પૂરી પર્યાય કેમ આવે? કેવળજ્ઞાન તે પૂરું કાર્ય છે, તો તેનું કારણ પણ પૂરું જ હોય—એમ અહીં બતાવે છે.

ચૈતન્યના પરમપારિણામિકભાવમાં જે સદાય રહેલું છે , જે ત્રિકાળ નિરુપાધિ(રૂપ) છે, સદા પરિપૂર્ણ છે—એવું કારણસ્વભાવજ્ઞાન તે જ કેવળજ્ઞાનનું કારણ છે, તે કારણના અવલંબને જ પૂરું કાર્ય પ્રગટી જાય છે. આ કારણનો સ્વીકાર (શ્રદ્ધા, આશ્રય) કરતાં જ સાધકદશા શરૂ થઈ જાય છે ને અલ્પકાળમાં તેના જ અવલંબને પૂરું કાર્ય પ્રગટી જાય છે.

પૂરું કાર્ય એટલે કે કાર્યસ્વભાવજ્ઞાન પ્રગટતાં વિભાવજ્ઞાનનો અભાવ થઈ જાય છે પણ કારણસ્વભાવજ્ઞાનનો અભાવ થતો નથી. વિભાવજ્ઞાનવાળા જીવને કારણસ્વભાવજ્ઞાન તો ત્રિકાળ વિદ્યમાન છે પણ અજ્ઞાનીને તેનું ભાન નથી. જ્ઞાનીને સાધકદશામાં કારણસ્વભાવજ્ઞાનનું ભાન છે છતાં હજુ અમુક વિભાવજ્ઞાન પણ છે. વિભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન બંને એકસાથે હોય પણ વિભાવજ્ઞાન અને કાર્યસ્વભાવજ્ઞાન એ બંને એક

સાથે ન હોય. કારણસ્વભાવજ્ઞાનોપયોગ તો બધા જીવોને ત્રણેકાળે વર્તમાન વર્તી રહ્યો છે. એક આત્માને ઉપયોગના બધાય પ્રકારો એક સાથે નથી હોતા.

ભાઈ! તું જીવ છે ને ઉપયોગ તારું લક્ષણ છે. તારા ઉપયોગનો મહિમા તો જો! તારા ઉપયોગમાં કેવા કેવા પ્રકારો રહેલા છે?—તેનું આ વર્ણન છે. એકેક જીવતત્ત્વમાં આટલી ગંભીરતા ભરી છે!

જીવનું લક્ષણ ઉપયોગ. ઉપયોગ એટલે ચૈતન્યને અનુસરીને થનારા પરિણામ. તેના કુલ ચૌદ પ્રકાર—

૧. કારણસ્વભાવજ્ઞાનોપયોગ (ત્રિકાળ).

૧. કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ (કેવળજ્ઞાન).

૪. જ્ઞાનોપયોગ (સમ્યક્‌મતિજ્ઞાન વગેરે).

૩. અજ્ઞાનોપયોગ (કુમતિજ્ઞાન વગેરે)

—આ પ્રમાણે જ્ઞાનોપયોગના નવ પ્રકારો છે. તેમાંથી પહેલાં બે સ્વભાવજ્ઞાન છે, ને બાકીના સાત વિભાવજ્ઞાન છે. તથા

૧. કારણસ્વભાવદર્શનોપયોગ

૧. કાર્યસ્વભાવદર્શનોપયોગ

૩. વિભાવદર્શનોપયોગ

—આ પ્રમાણે દર્શનોપયોગના પાંચ પ્રકાર છે.

રીતે ઉપયોગના કુલ ચૌદ પ્રકાર છે. આ બધાય 'ચૈતન્યને અનુસરીને વર્તતા પરિણામ' છે.

કારણસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવદર્શન એ બંને પણ ધ્રુવ ચૈતન્યસ્વભાવને અનુસરીને વર્તતા ઉપયોગ-પરિણામ છે, એ બંને ત્રિકાળ એકરૂપ નિરૂપાધિ(રૂપ) છે, એમનું પરિણમન સદા સદૃશરૂપ છે.

આ સિવાયના બાર પ્રકારના ઉપયોગ છે તે બધા ઉત્પાદ-વ્યયરૂપ છે, કર્મના ક્ષયોપશમ, ક્ષય વગેરેની અપેક્ષાવાળા છે.

ઉપયોગના ચૌદ પ્રકાર કહ્યા, તે બધાય આત્માના ચૈતન્યસ્વભાવને જ અનુસરીને થાય છે.

પૂર્વના ચાર જ્ઞાનને (—સમ્યક્‌મતિ-શ્રુત વગેરેને) અનુસરીને કેવળજ્ઞાન નથી થતું.

એ જ રીતે મતિજ્ઞાનનો ઉપયોગ પણ કોઈ પરને, ઈન્દ્રિયોને કે રાગને અવલંબીને નથી થતો પણ આત્માના ચૈતન્યને અનુસરીને જ થાય છે.

જુઓ! આ જીવના ઉપયોગનું વર્ણન!!

જીવ ધર્મી છે ને આ ઉપયોગ તેનો ધર્મ છે. અહીં 'ધર્મ' એટલે 'સ્વ-ભાવ'. અત્યારે 'ધર્મ' એટલે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ મોક્ષમાર્ગ ન સમજવો પણ જીવે પોતાના ઉપયોગને પોતામાં ધારી રાખ્યો છે, તેથી 'ઉપયોગ' તે જીવનો ધર્મ છે અને જીવ ધર્મી છે—એમ સમજવું.

જેમ દીપક પોતાના પ્રકાશ-ધર્મને ધારી રાખે છે તેમ આત્મા પોતાના ઉપયોગ-ધર્મને ધારી રાખે છે. આત્મા ઉપયોગ વિનાનો હોય નહિ.

ઉપયોગના જે ચૌદ પ્રકારો કહ્યા, તે બધાય પ્રકારો એક સાથે એક જીવને ન હોય. તેમાંથી જે કારણસ્વભાવજ્ઞાનોપયોગ અને કારણસ્વભાવદર્શનોપયોગ છે તે તો બધા જીવોને સદાય છે. બાકીના ચાર પ્રકારોમાંથી કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ અને કાર્યસ્વભાવદર્શનોપયોગ તો શ્રી કેવળજ્ઞાની ભગવંતોને જ હોય છે અને બાકીના દસ પ્રકાર છદ્મસ્થોને જ હોય છે.

જીવ ઉપયોગસ્વભાવી છે, તેનું આ વર્ણન છે. આવા જીવતત્ત્વને ઓળખ્યા વગર સમ્યક્ શ્રદ્ધા થાય નહિ. જેટલા ઉપયોગ કહ્યા, તે બધાય જીવનું તત્ત્વ છે, જીવના ભાવ છે; જીવને બરાબર ઓળખવા માટે તેના ભાવોને પણ ઓળખવા જોઈએ.

જીવ ઉપયોગમય છે.

ચૈતન્યને અનુસરીને થતાં પરિણામ તે ઉપયોગ છે.

તે ઉપયોગના બે પ્રકાર છે : જ્ઞાન અને દર્શન.

તેમાંથી જ્ઞાનોપયોગના બે પ્રકાર છે : સ્વભાવ અને વિભાવ.

સ્વભાવજ્ઞાન બે પ્રકારનું છે : કારણ અને કાર્ય.

આ કારણસ્વભાવજ્ઞાનોપયોગ તે જ્ઞાનના સહજપરિણામ છે.

અહીં જ્ઞાનના ઉપયોગનું વર્ણન છે અને આગળ આખા જીવદ્રવ્યની સહજપરિણતિને 'કારણશુદ્ધપર્યાય' તરીકે વર્ણવશે.

કેવળજ્ઞાન, તે કાર્યસ્વભાવજ્ઞાન છે અને તે કારણસ્વભાવજ્ઞાનના આશ્રયે પ્રગટે છે.

કારણરૂપ ધ્રુવ ઉપયોગ છે, તે ધ્રુવના અવલંબને કાર્ય પ્રગટી જાય છે. 'વર્તમાન ધ્રુવ' તે વર્તમાન કાર્યનું કારણ છે.

શ્રી અરિહંતભગવાન કાર્યપરમાત્મા છે. તેમને કેવળજ્ઞાનરૂપી કાર્ય ક્યાંથી પ્રગટ્યું? કે—કારણરૂપ ધ્રુવ જ્ઞાનસ્વભાવમાંથી!—આ રીતે શ્રી અરિહંતપરમાત્માના શુદ્ધ કારણ-કાર્યને ઓળખે તો, પોતામાં પણ શુદ્ધકારણના અવલંબને શુદ્ધકાર્ય (સમ્યગ્દર્શનાદિ) થયા વિના રહે નહિ; કેમ કે ભગવાન જેવું જે 'કારણ' પોતામાં છે.

અહો! કારણ-કાર્યને સાથે ને સાથે જ રાખીને શ્રી મુનિવરોએ અદ્‌ભુત અમૃત રેડ્યાં છે!!

આ તો સાચી સમજણના મંત્રો કહેવાય છે...આ ધર્મના મંત્રો છે...આ સમજે અર્થાત્ આમાં રસ લાગે, આની પ્રીતિ થાય ને અંદર ઊતરી જાય, ત્યાં સ્વરૂપનો પરમ આનંદ પ્રગટે ને અનાદિનું મિથ્યાત્વનું ઝેર ઊતરી જાય,—એવાં આ અલૌકિક મંત્રો છે!! અહો! જંગલમાં વસનારા ને આત્માના આનંદમાં મશગૂલ રહેનારા એવા શ્રી પદ્મપ્રભમુનિરાજનું મન આ પરમાગમના સારની પુષ્ટ રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થતાં આ ટીકા રચાઈ ગઈ છે....શ્રી મુનિરાજના શ્રીમુખેથી પરમાગમના અમૃત ઝર્યાં છે.

'કારણસ્વભાવજ્ઞાન' તે આત્માના ઉપયોગલક્ષણનો એક પ્રકાર છે; તે ત્રિકાળ નિરુપાધિક પરિણામ છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીના દરેક જીવમાં કર્મની અપેક્ષા વગરનો એકરૂપ એવો ને એવો આ ઉપયોગ વર્તે છે. એકસમયમાં ત્રણકાળ–ત્રણલોકને પ્રત્યક્ષ જાણનારું કાર્ય જે કેવળજ્ઞાન, તેનું આ કારણ છે; આ કારણસ્વભાવજ્ઞાન તે સ્વરૂપપ્રત્યક્ષ ઉપયોગ છે, તેમાં કદી પરોક્ષપણું નથી, અધૂરાપણું નથી; દરેક સમયે પરિપૂર્ણ, ધ્રુવ કારણરૂપ, સ્વરૂપપ્રત્યક્ષ ઉપયોગ, તે જીવનો સહજ સ્વભાવ છે. તે કેવળજ્ઞાનનું કારણ છે.

—આવા કારણની જે પ્રતીતિ કરે, તેને કેવળજ્ઞાનની શંકા ન રહે.

આ અપૂર્વ વાત છે!!

જુઓ! એક બીજી વાત!—વિશેષ હવે પછી..... (ક્રમશઃ)

* * *

# સ્વભાવભૂત જ્ઞાન-ક્રિયાનો નિષેધ નથી

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૪૦)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૯૮મી ગાથા ચાલે છે. ભાવાર્થની ત્રીજી લીંટી છે.

કેવળજ્ઞાનદર્શનરૂપ નિજ લક્ષણથી સર્વ જીવ સમાન છે, કોઈ નાના મોટા નથી....શું કહે છે જુઓ!

जीवहँ लक्खणु जिणवरहि भासिउ दंसण-णाणु। ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ જીવનું લક્ષણ 'દર્શન-જ્ઞાન' કહ્યું છે. જ્ઞાન-દર્શન અર્થાત્ જાણવું અને દેખવું એ જીવનું લક્ષણ છે. પુણ્ય-પાપ આદિ વિકાર જીવનું લક્ષણ નથી. વસ્તુમાં જે ત્રિકાળ હોય તે તેનું લક્ષણ હોય શકે. રાગાદિ વિકાર તો કૃત્રિમ છે, તે કાંઈ ત્રિકાળ નથી માટે તે જીવનું લક્ષણ ન હોઈ શકે. અહીં કેવળજ્ઞાન-દર્શનને લક્ષણ કહ્યું તેનો અર્થ કેવળજ્ઞાન પર્યાય નહિ પણ ત્રિકાળ જ્ઞાન-દર્શન સ્વભાવ તે જીવનું નિજ લક્ષણ છે એમ સમજવું. સર્વ જીવોમાં આ લક્ષણ સમાન હોવાથી બધા જીવ સમાન છે.

આ લક્ષણ કોને પકડાય છે? કે જેણે પોતાની પર્યાયને ગૌણ કરીને ત્રિકાળ જ્ઞાન-દર્શન સ્વભાવને દૃષ્ટિમાં મુખ્ય કર્યો છે તેને જ બધા જીવોની વર્તમાન પર્યાય ગૌણ કરીને જ્ઞાન-દર્શન લક્ષણે લક્ષિત બધા આત્મા જ પૂર્ણપણે એકરૂપ દેખાય છે, કોઈ જીવ નાના-મોટા દેખાતાં નથી.

જો તારા મનમાં વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદજ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થયો છે અને મોહ-નિદ્રાના અભાવથી આત્મ-બોધરૂપ પ્રભાત થયું છે તો તું સર્વને સમાન જાણ! જો તને સ્વભાવની અભિમુખતાથી તારો સ્વભાવ દૃષ્ટિમાં આવ્યો છે અને રાગરહિત સ્વસંવેદનજ્ઞાન પ્રગટ થયું છે, મોહનિદ્રાના અભાવપૂર્વક આત્મજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થયો છે તો તેમાં તને બધા જીવો એકસરખા જણાશે.

સમયસારના છેલ્લા ૨૬૮મા કળશમાં કેવળજ્ઞાન-કેળદર્શનને મંગળ પ્રભાત કહ્યું છે જ્યારે અહીં તો 'સમ્યગ્જ્ઞાનને' જ પ્રભાત કહી દીધું છે. આહાહા! કેવળજ્ઞાન-કેવળદર્શનની

જેમ સમ્યગ્જ્ઞાનમાં પણ સ્વભાવસન્મુખદૃષ્ટિ અને એકત્વથી પૂર્ણ ચૈતન્યસ્વભાવસંપન્ન દ્રવ્યનું દર્શન થયું હોય તો તું સર્વને એવા જ સ્વભાવસંપન્ન જો! તારી પર્યાયમાં અલ્પજ્ઞતા અને રાગ છે તેને ગૌણ કર્યા તેમ બધાના રાગાદિને ગૌણ કરીને તેને પૂર્ણ...પૂર્ણ...સ્વભાવ સંપન્ન જો! બધા આત્મા કેવળજ્ઞાન-દર્શન લક્ષણે લક્ષિત છે એમ સર્વને જાણ!

જેને પોતાનો પૂર્ણ શુદ્ધ સ્વભાવ જ્ઞાન-દર્શન લક્ષણે લક્ષિત કેવો મહિમાવંત છે એમ અંતરથી મહિમા આવી હોય તે જીવ પરજીવને પણ એવા જ જાણે છે. જાતિએ સર્વ જીવ સમાન છે પણ વસ્તુએ એક નથી. જેમ સોળવલા સોના તરીકે સોનું બધું સમાન છે ભલે લાખ લગડી કે કરોડ લગડી હો, બધામાં સોનું એકસરખું છે તોપણ તે બધામાંથી એક લગડીને ગ્રહણ કરતાં બધી લગડી ગ્રહણ થઈ જતી નથી કેમ કે બધી લગડીના પ્રદેશ ભિન્ન-ભિન્ન છે, તેમ કેવળજ્ઞાન-કેવળદર્શન લક્ષણથી બધા જ જીવો એકસરખા હોવા છતાં એક જીવને ગ્રહણ કરતાં બધા જીવનું ગ્રહણ થતું નથી કેમ કે દરેક જીવના પ્રદેશ ભિન્ન-ભિન્ન છે.

બધા આત્મા સમાન હોવા છતાં એક આત્માને ગ્રહણ કરતાં બધા આત્માનું ગ્રહણ ન થઈ જાય. પોતાના ગ્રહણમાં અનંત આત્મા ન આવે. અભેદ એવા પોતાના સ્વરૂપથી બીજા આત્માઓ ભિન્ન છે માટે તેનું ગ્રહણ થતું નથી. પરની અનુભૂતિ પોતાની પર્યાયમાં આવી જતી નથી કેમ કે બધાની અનુભૂતિ ભિન્ન-ભિન્ન છે.

નિયમસારમાં પણ ૧૦૨ ગાથામાં બે લક્ષણોથી આત્મા બતાવ્યો છે.

મારો સુશાશ્વત એક દર્શન-જ્ઞાન લક્ષણ જીવ છે,
બાકી બધા સંયોગ લક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૦૨.

જાણનાર-દેખનાર સામાન્યલક્ષણથી હું ત્રિકાળ એકરૂપ છું. પુણ્ય-પાપ આદિ બધા બહિર્ભાવો સંયોગલક્ષણે લક્ષિત છે, જ્ઞાન-દર્શન લક્ષણથી લક્ષિત નથી. તેથી તો સમયસારમાં કર્તા-કર્મ અધિકારમાં ૬૯-૭૦ ગાથામાં જ્ઞાન-દર્શન સાથે તાદાત્મ્યસંબંધ છે અને પુણ્ય-પાપ સાથે સંયોગસિદ્ધસંબંધ છે એમ કહ્યું છે. સ્વભાવની પ્રીતિ છૂટીને પુણ્ય-પાપની પ્રીતિ થવી તે ક્રોધ છે. ક્રોધ સાથે આત્માને સંયોગસિદ્ધ સંબંધ છે. માટે સંયોગીભાવ તે સ્વભાવ નહિ. જે છૂટી જાય છે તે સ્વભાવ ન હોય. પુદ્ગલ સાથે પરસ્પર અવગાહસંબંધ લીધો છે. 'સિદ્ધ સંબંધ' શબ્દ ત્રણેય સંબંધમાં વાપર્યો છે એટલે કે નક્કી વાત છે. તાદાત્મ્યસિદ્ધસંબંધ, સંયોગસિદ્ધસંબંધ....આવા સંબંધના ભેદ છે. જ્ઞાન અને

આત્મા વચ્ચે તાદાત્મ્યસિદ્ધસંબંધ છે, બંને તદ્દરૂપ છે તેથી તે બે વચ્ચે ભેદ ન દેખતો થકો નિઃશંકપણે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે. એવી આ જ્ઞાનક્રિયા આત્માના સ્વભાવભૂત છે. 'જ્ઞાન' આત્માનો ત્રિકાળ ગુણ છે અને તે આત્મામાં તાદાત્મ્ય છે એમ જાણતી જ્ઞાનપર્યાયમાં આત્માનું એકત્વ થયું છે માટે તે જ્ઞાનક્રિયા સ્વભાવભૂત છે. જે જ્ઞાનપર્યાય શ્રદ્ધા, ચારિત્ર, આનંદની સાથે પરિણમે છે તેને અહીં જ્ઞાનક્રિયા કહેવામાં આવી છે. ત્રણેને એક નામથી કહેવામાં આવ્યું છે.

આમ, ભગવાન આત્મામાં જ્ઞાન તાદાત્મ્ય છે એમ અંતરમાં નિઃશંકપણે જ્ઞાન આત્મામાં વર્તે છે ત્યારે જે ઉત્પન્ન થાય છે તે જ્ઞાનક્રિયા, શ્રદ્ધાક્રિયા, આનંદક્રિયા, શાંતિક્રિયા...મોક્ષમાર્ગની નિર્મળ નિર્વિકલ્પક્રિયા સ્વભાવભૂત હોવાથી તેનો નિષેધ નથી, એ તો આત્મામાં અભેદ થઈ ગઈ. જ્ઞાનનું આત્મામાં વર્તવું એ જ જ્ઞાનક્રિયા છે, તે સ્વભાવભૂત છે. સ્વભાવભૂત હોવાથી તે અંતરમાં અભેદ થાય છે તેનો અભાવ થઈ શકતો નથી અર્થાત્ તેનો નિષેધ થઈ શકતો નથી.

જ્યાં સુધી આત્મા જ્ઞાનની જેમ ક્રોધાદિ આસ્રવમાં એકાકાર થઈને પરિણમે છે અર્થાત્ જેની સાથે સંયોગસિદ્ધસંબંધ છે એવા ક્રોધાદિ આસ્રવમાં એકાકાર થઈને પરિણમે છે અને જ્ઞાનને છોડી દે છે ત્યાં સુધી વિકારી પર્યાય અને ત્રિકાળી સ્વભાવમાં ભેદ ન જાણતો એવો તે પોતાના અજ્ઞાનથી નિઃશંકપણે ક્રોધાદિમાં પોતાપણે પ્રવર્તે છે. ક્રોધાદિભાવ જીવનો સ્વભાવ નહિ હોવાથી ભગવાને તેનો નિષેધ કર્યો છે અર્થાત્ પુણ્ય-પાપરૂપ ક્રોધાદિ ભાવોનો અભાવ થઈ શકે છે છતાં અજ્ઞાની તેમાં પોતાપણું માનીને પ્રવર્તે છે એ જ તેનું અજ્ઞાનમય કર્તા-કર્મ છે.

આ ૬૯-૭૦ ગાથાના વ્યાખ્યા તો ઘણીવાર થઈ ગયા છે. સભામાં ૧૪ વાર વ્યાખ્યાન થઈ ગયા. ભગવાન આત્મામાં જ્ઞાનભવનમાત્ર એવી સ્વાભાવિક ઉદાસીનક્રિયા ઉત્પન્ન થવી જોઈએ. તે ન થતાં તેનો ત્યાગ કર્યો છે એમ કહ્યું છે પણ ઉદાસીન અવસ્થા હતી અને ત્યાગી છે એમ નથી. જ્ઞાનભવનમાત્ર ઉદાસીન અવસ્થા પ્રગટ કરવાને બદલે પોતાના અજ્ઞાનથી, વિકલ્પ આદિમાં એકાકાર થઈને, એને જ પોતાના માનીને વિકારીક્રિયા પ્રગટ કરે છે તેણે જ્ઞાનભવનમાત્ર સહજ ઉદાસીન અવસ્થાનો ત્યાગ કર્યો એમ પાઠ છે. એવી શૈલી છે. પણ ઉદાસીન અવસ્થા હતી અને ત્યાગ કર્યો એમ તેનો અર્થ નથી. ભગવાન! તારી તો ઉદાસીન જ્ઞાનભવનક્રિયા જ હોવી જોઈએ. તારા જેવા દ્રવ્ય-ગુણ છે એવી જ પર્યાય હોવી જોઈએ તેને બદલે આસ્રવ કે જે સ્વભાવથી વિપરીત છે એવા

ભાવોમાં એકત્વ માનીને અજ્ઞાનથી વિકારીક્રિયા પ્રગટ કરે છે તેણે જ્ઞાન-અવસ્થા અને અવસ્થાવાન દ્રવ્યનો દૃષ્ટિમાંથી અભાવ કરી દીધો.

ઝીણું બહુ છે ભાઈ!

શ્રોતા :—બહુ ચોખ્ખું લાગે છે સાહેબ!

પૂજ્ય ગુરુદેવશ્રી : આહાહા...! બહુ ચોખ્ખું સ્પષ્ટ છે. જો સૂર્ય જેવા નેત્ર કરે તો પ્રગટ દેખાય તેવું છે. જો તારી અવસ્થા પુણ્ય-પાપમય જ હોય તો તારા દ્રવ્ય-ગુણ પણ વિકારમય છે એમ સિદ્ધ થઈ જાય છે પણ ભગવાન આત્મા તો જ્ઞાન-દર્શન- આનંદથી તાદાત્મ્ય છે માટે તેની ક્રિયા પણ જ્ઞાન-દર્શન-આનંદમય ઉદાસીનભાવમય હોવી જોઈએ. પણ એવી અવસ્થા પ્રગટ નહિ કરતાં, વિકારમાં એકત્વ માનીને વિકારને જ ઉત્પન્ન કર્યો! અજ્ઞાનભવન વ્યાપાર પ્રગટ કર્યો!

આહાહા... ટીકા તે પણ ટીકા છે કાંઈ! અમૃતચંદ્રઆચાર્યે આ કાળમાં કુંદકુંદ-આચાર્યના ગણધર જેવું કામ કર્યું છે. ભાવ...ભાવ...ભાવ...ભગવાન! તું તો જ્ઞાન અને આનંદથી તન્મય છો ને પ્રભુ! તો તારી પર્યાયમાં તો જ્ઞાન-આનંદથી તન્મય-તેમય ભાવ ઉત્પન્ન થવો જોઈએ. તેને બદલે જ્ઞાનભવનને છોડીને તેં અજ્ઞાનભવન વ્યાપાર કર્યો! વિકારપરિણામ અજ્ઞાનભવન વ્યાપાર છે કેમ કે તેમાં ચૈતન્યપ્રકાશના નૂરના તેજનો અભાવ છે. અજ્ઞાનથી એને વિકારીભાવ તે જ મારી ક્રિયા છે એમ ભાસે છે.

આજ તો એ ભાવ આવ્યો હતો કે एगो मे शाशतो अप्पा...હું એક શાશ્વત જ્ઞાન-દર્શન લક્ષણમય જીવ છું. તે સિવાય વ્યવહારરત્નત્રયના ભાવ પણ મારાથી બાહ્ય–સંયોગલક્ષણ સંબંધવાળા ભાવ છે, તે કાંઈ મારા સ્વભાવમાંથી ઉત્પન્ન થયા નથી. એ તો પરના લક્ષે પર્યાય-અંશમાં ઉત્પન્ન થયેલા ભાવ છે માટે તે પરલક્ષી બહિર્ભાવ છે.

પરલક્ષી બહિર્ભાવોથી ઉદાસીન થવાના બદલે દ્રવ્યસ્વભાવનો આશ્રય છોડીને, ઉદાસીન અવસ્થાનો ત્યાગ કરીને ક્રોધાદિ વિકલ્પમાં એકાકાર થઈ ગયો. એવા અજ્ઞાનભવન વ્યાપારને જ તેં અજ્ઞાનથી પોતાનો વ્યાપાર માની લીધો તેથી વિકારીક્રિયા એ જ મારી ક્રિયા અને હું તેનો કર્તા એવું તને પ્રતિભાસે છે...આ લાંબી વાત છે. વિકાર સાથે ખરેખર સંયોગસંબંધ જ છે કેમ કે જેની સાથે સ્વભાવસંબંધ નથી તેની સાથે સંયોગસંબંધ જ છે. જીવની પર્યાયમાં ઉત્પન્ન થતાં હોવા છતાં તેની સાથે જીવને સંયોગસિદ્ધસંબંધ છે, જીવનો એ સ્વભાવ નથી.

અહીં કહે છે કે પોતાના જ્ઞાન-દર્શન લક્ષણથી ગ્રહાય એવા બધા આત્મા છે પણ બધા આત્મા ગ્રહિત થતાં નથી અર્થાત્ બધા આત્માનો અનુભવ થતો નથી. અનુભવમાં પોતાનો એક આત્મા જ અનુભવાય છે. સમજાય છે કાંઈ આમાં?

ભાઈએ પ્રશ્ન કર્યો કે પુણ્ય-પાપ સાથે સંયોગસંબંધ કહ્યો, તો જેમ પરિવાર સાથે સંયોગ-સંબંધ છે એવો જ લેવો ને? હા, એ બધો સંયોગલક્ષણસંબંધનો મોટો હારડો છે– બધી એક જાત છે. અરે ભગવાન! એ બધા સંયોગથી જુદા તારા સ્વભાવની કદી મહિમા કરી નહિ! "આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાનસુધારસ પીજે..." અમૃતનો કુંડ ભર્યો છે ને પ્રભુ! તારા સ્વભાવમાં ત્રિકાળ તાદાત્મ્યસંબંધે તું રહેલો છો તેની આશ્રયદૃષ્ટિ છોડીને વિકારમાં તન્મય થઈને અજ્ઞાનભવન વ્યાપાર કર્યો અને તેનો જ હું કર્તા છું એમ તને ભાસ્યું પણ વસ્તુસ્વરૂપ એવું નથી.

દ્રવ્યસ્વભાવથી દરેક આત્મા એકસરખા હોવા છતાં સત્તા અને પ્રદેશથી દરેક આત્મા ભિન્ન છે. જેમ સોના તરીકે બધું સોનું સમાન હોવા છતાં દરેક લગડી ભિન્ન-ભિન્ન છે તેને જે એક માની લે તેને વસ્તુનું ભાન નથી.

જ્ઞાનીની એક સમયની પર્યાય છ દ્રવ્ય, તેના ગુણ, તેની પર્યાયને જાણવાની તાકાત ધરાવે છે પણ તે પર્યાય છ દ્રવ્યાદિરૂપ થતી નથી. બનારસીદાસજીના નાટક સમયસારમાં શ્લોક છે કે—

સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતેં વચન ભેદ ભ્રમ ભારી,
જ્ઞેય શક્તિ દ્વિવિધા પરકાશી, નિજરૂપ પરરૂપા ભાસી.

સ્વ અને પરને જાણવાની શક્તિ અમારી છે. પરનું જાણવું કાંઈ પરથી થાય છે– એમ નથી. સોળવલું સોનું પ્રકાશે તો એ પરરૂપે ભાસે છે કાંઈ સ્વરૂપે ભાસતું નથી અને પોતાનું સ્વરૂપ સ્વ-રૂપે ભાસે છે કાંઈ પરરૂપે ભાસતું નથી. જ્ઞાનની પર્યાયમાં જે વસ્તુ જે સ્વરૂપે છે તે સ્વરૂપે પોતાથી જ ભાસે છે.

કેવળજ્ઞાન-દર્શનલક્ષણે સૌ જીવ સમાન છે પણ એક જીવનું ગ્રહણ કરતાં કાંઈ બધા જીવનું ગ્રહણ થઈ જતું નથી. બધા જીવનો અનુભવ જો એક જીવની પર્યાયમાં આવી જાય તો તો બધા એક થઈ જાય પણ એમ તો ત્રણકાળમાં, બનતું નથી. કેમ કે પ્રદેશ બધાના જુદાં જુદાં છે. તેથી એ નિશ્ચય થયો કે લક્ષણ બધાનું એક સમાન હોવા છતાં પ્રદેશ બધાના જુદાં છે તેથી બધાનું હોવાપણું–અસ્તિત્વ જુદું જુદું છે.

આગળ જાતિના કથનથી બધા જીવોની એક જાતિ છે પણ દ્રવ્ય અનંત છે એમ બતાવે છે.

હીરાની જાતિ, માણેકની જાતિ એમ જાતિ એક ગણાય છે પણ જાતિ એ કોઈ એક પદાર્થ નથી. જુઓ પાઠ : शुद्धात्मानां जीवजातिरूपेणैकत्वं दर्शयति જીવને પોતાના દ્રવ્યસ્વભાવની મહિમા આવી નથી તેથી આ બધું સમજાવવું પડે છે. દ્રવ્યસ્વભાવ અલૌકિક મહિમાવંત છે. પર્યાય એક અંશ છે પણ દ્રવ્ય તો ગુપ્ત ચમત્કાર છે. દરેક આત્મા આવા ગુપ્ત ચમત્કાર છે. એક સમયની પર્યાયને ગૌણ કરીને તારા દ્રવ્યને જોયું તેમ બધાના જો તો બધા ભગવાન છે, પરમાત્મા છે. આ પરમાત્મપ્રકાશ છે ને! બધા કારણપરમાત્મા અથવા કારણજીવને જોવાની વાત છે. કારણજીવ બધા વસ્તુદૃષ્ટિએ પરમાત્મા છે. કાર્યજીવ પર્યાયે પરમાત્મા છે. આવી વાત યોગીન્દુદેવે પરમાત્મપ્રકાશમાં બહુ લીધી છે કેમ કે દ્રવ્યથી બધા જીવ પરમાત્મા છે.

बंभहँ भुवणि वसंताहँ जे णवि भेउ करंति।
ते परमप्प-पयासयर जोइय विमलु भुणंति॥९९॥

અર્થ :–આ લોકમાં રહેવાવાળા જીવોમાં જે ભેદ કરતા નથી તેઓ પરમાત્માનો પ્રકાશ કરવાવાળા યોગીઓ પોતાના નિર્મળ આત્માને જાણે છે તેમાં સંદેહ નથી.

જગતમાં અનંત આત્માઓ રહેલા છે. તે બધામાં દ્રવ્ય-દૃષ્ટિએ કાંઈ ભેદ નથી–બધા પરમાત્મા છે એવો પ્રકાશ કરનારા હે યોગી! અર્થાત્ સ્વરૂપમાં જોડાણ કરનારા સમકિતી–જ્ઞાની! સ્વરૂપમાં દૃષ્ટિ લગાવવાવાળા–સ્વરૂપને સાધવાવાળા તે બધા યોગીઓ આત્માને પરમાત્મા તરીકે જુએ છે.

અરે! આત્માથી અનંતગુણા પરમાણુ છે તે પણ બધા જડેશ્વર છે–પૂરા છે. જીવમાં જેટલા અનંતાનંત ગુણ છે તેટલા જ પરમાણુમાં અનંતાનંત ગુણ છે. સર્વવ્યાપક એક આકાશદ્રવ્યમાં જેટલા ગુણ છે તેટલા જ ગુણ એકપ્રદેશી પરમાણુમાં છે. ક્ષેત્રની વિશેષતા નથી. આકાશદ્રવ્ય એક છે તેનું ક્ષેત્ર અનંત...અનંત...અનંત અમાપ છે. નાસ્તિક માણસ વિચાર કરે તો તેને પણ એમ થાય કે અરે! આ શું ચીજ છે! દરેક વસ્તુના સ્વભાવો અચિંત્ય હોય છે, કુદરતનો ક્ષેત્રસ્વભાવ પણ કોઈ અચિંત્ય અને અલૌકિક છે. એ ક્ષેત્રને જાણવાવાળો ચૈતન્યસ્વભાવ પણ કોઈ અચિંત્ય અને અલૌકિક છે.

એક સત્તા નામનો ગુણ આકાશમાં છે અને એક સત્તાગુણ પરમાણુમાં છે. બંનેના

ક્ષેત્રમાં કેટલો ફેર! પણ ભાવનું સામર્થ્ય બંનેનું સરખું છે. આ બધું ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ જેવું જાણ્યું તેવું કહ્યું અને એવું છે. તેનાથી બીજી રીતે ત્રણકાળમાં કાંઈ ન હોઈ શકે. સર્વજ્ઞતા વિના વાતો કરે તેને કાંઈ ખબર નથી.

જેટલા ગુણ એક જીવમાં છે તેટલા જ એક પરમાણુમાં છે તેટલા જ એક આકાશમાં છે. તેટલાં જ ધર્માસ્તિકાયમાં અને તેટલા જ અધર્માસ્તિકાયમાં છે અને તેટલા જ ગુણ એક એક કાળાણુંમાં છે. દરેક દ્રવ્યના ગુણની સંખ્યા સરખી છે.

યોગીઓ જ પોતાના નિર્મળ આત્માને જાણે છે તેમાં સંદેહ નથી. પોતાના સ્વભાવને દૃષ્ટિમાં લઈને જેણે વ્યક્ત કર્યો, અનુભવમાં લીધો, એક અંશ પણ સમ્યક્ કરીને શક્તિમાંથી પ્રગટ કર્યો એવા યોગી, દરેક આત્માને પરમાત્મા જુએ છે. બધા જીવો મારા જેવા જ સ્વભાવવાળા પરમાત્મા છે.

અરે ભગવાન! કોઈ જીવ તો અભવિ છે કે જે કદી મુક્તિ પામવાના નથી, કોઈ જીવો એક ભવે મુક્તિ પામવાવાળા નિકટભવ્ય છે અને અનંતા જીવો મુક્તિ પ્રાપ્ત થઈ ગયા છે તે બધા જી સરખા?

હા. બધા જીવના દ્રવ્યસ્વભાવ સરખા છે એમ નિઃસંદેહ તું જાણ!

શ્રોતા :-કોઈ નારાયણ...નારાયણ કર્યા કરે છે તે શું?

પૂજ્ય ગુરુદેવશ્રી :-તેને નારાયણની ખબર જ ક્યાં છે? દ્રવ્ય શું? પર્યાય શું? તેના ભાન વગર નારાયણ..નારાયણ કરે તેનું કાંઈ મૂલ્ય નથી. અહીં તો જેણે પોતાની પર્યાયમાં વિકલ્પોને ગૌણ કરીને વસ્તુસ્વભાવને ગ્રહણ કરી લીધો તે કહે છે કે બધા જીવો મને શુદ્ધ જ ભાસે છે. પર્યાયમાં ફેર છે તેનું જ્ઞાન છે. વ્યવહારનું જ્ઞાન તો છે.

ભાવાર્થ :—જોકે જીવ-રાશિની અપેક્ષાએ જીવોની એકતા છે તોપણ પ્રદેશભેદથી પ્રગટરૂપે બધા જુદા જુદા છે, એક બ્રહ્મામાંથી બધા ઉત્પન્ન થયાં છે-એમ નથી.

ઉત્પાદ-વ્યય ધ્રૌવ્ય એક વસ્તુનું સ્વરૂપ છે તેનું લોકોએ રૂપક બનાવી દીધું કે ઉત્પાદ તે બ્રહ્મા, વ્યય તે શંકર અને ધ્રૌવ્ય તે વિષ્ણુ. ખરેખર એક એક દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ છે. બનારસીદાસજીએ બનારસી વિલાસમાં લીધું છે. આપણને પરમાર્થ-વચનિકા અને ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠી પણ એમાંથી મળી છે. ઘણા વર્ષો પહેલાં હીરાભાઈ(દામાણી)ના મકાનમાં મળી ત્યારે એમ થયું કે અરે! આ તો અત્યાર સુધી ગુપ્ત રહી ગઈ!...પછી તો પાંચ-દશ હજાર છપાઈ ગઈ.

અરે, કીધું! આવી ચીજ ગુપ્ત રહી ગઈ! બનારસી વિલાસમાં છે. બનારસીદાસ ભલે ગૃહસ્થાશ્રમમાં હતા પણ તેથી શું થઈ ગયું! મસ્ત હતા. બહુ અધ્યાત્મદૃષ્ટિવાળા મસ્ત હતા. 'અસંખ્યાત લોકપ્રમાણ વ્યવહારભાવ હૈ તે હી મિથ્યાત્વભાવ કેવલી ઉકત હૈ' લોકો રાડ પાડી જાય એવી વાત કરી છે. સમયસારમાં બંધઅધિકારના ૧૧ નંબરનો કળશ છે તેના અર્થરૂપ પદ્યમાં આ વાત બનારસીદાસે લખી છે. કઈ અપેક્ષાએ લખ્યું છે?–કે નિશ્ચયથી વ્યવહાર ભિન્ન છે, તે ભિન્નને ભિન્ન માનો તો વ્યવહાર છે અને તેને જ સ્વભાવમાં એકમેક માનો તો મિથ્યાત્વ છે. માટે કહ્યું કે અસંખ્યાત લોકપ્રમાણ જે વ્યવહારભાવ છે તેમાં એકત્વ માનતાં તેટલાં જ મિથ્યાત્વભાવ થઈ જાય છે.

જિન્હકો મિથ્યાત્વ ગયૌ, સમ્યગ્દર્શ ભયૌ, તે નિયતલીન, વ્યવહારસોં મુકત હૈ.....સમ્યગ્દૃષ્ટિને વ્યવહાર છે ખરો પણ તેનાથી તે મુક્ત છે.

असंख्यात लोक परवान जे मिथ्यात भाव,
तेई विवहार भाव केवली-उकत हैं।
जिन्हकौ मिथ्यात गयौ सम्यक दरस भयौ,
ते नियत-लीन विवहारसौं मुकत है।।
निरविकलप निरुपाधि आतम-समाधि,
साधि जे सुगुन मोख-पंथकौं ढुकत हैं।
तेइ जीव परम दसामैं थिररूप ह्वैकै,
धरममैं धुके न करमसौं रुकत है।।३२।। સમયસાર નાટક

બહુ આકરી ગાથા લખી છે...વ્યવહારનો અર્થ એટલો છે ભાઈ! કે જેટલા વિકલ્પ છે તે નિર્વિકલ્પવસ્તુથી ભિન્ન છે. વિકલ્પ છે તે વ્યવહાર છે અને નિર્વિકલ્પ અનુભવ તે નિશ્ચય છે. નિશ્ચયમાં વ્યવહાર નથી અને વ્યવહારમાં નિશ્ચય નથી. બંને ભાવ ભિન્ન-ભિન્ન છે. માટે જે નિશ્ચયમાં લીન છે તેને સાથે વ્યવહાર હોવા છતાં વ્યવહારથી તે મુક્ત છે. છતાં જે વ્યવહારમાં એકત્વ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે.

અહીં ગાથામાં કહે છે કે જોકે જીવ-રાશિની અપેક્ષાએ જીવોમાં એકતા છે તોપણ પ્રદેશભેદથી પ્રગટરૂપે બધા જુદા જુદા છે. ભગવાન આત્માનું પૂર્ણ સ્વરૂપ તે સ્વદ્રવ્ય છે, તેનાથી જુદું છે તે બધું પરદ્રવ્ય છે. નિયમસાર ૫૦ ગાથામાં તો પર્યાયને પણ પરદ્રવ્ય કહી છે તો અન્યદ્રવ્ય તો અન્ય જ છે. પર્યાયમાંથી નવી નિર્મળ પર્યાય આવતી નથી માટે

તેને પણ ત્યાં પરદ્રવ્ય કહી છે માટે તે આશ્રય કરવાલાયક નથી. ક્યાં ત્રિકાળ અનંતગુણનો પિંડ–પ્રભુ! અને ક્યાં એક સમયની પર્યાય! એટલું અંતર છે. ભૂતકાળની પર્યાય કરતાં ભવિષ્યની પર્યાય અનંતગુણી છે. અનાદિ-સાંત કાળના સમયો કરતાં સાદિ-અનંતના ભવિષ્યના સમયો અનંતગુણા છે. તે સર્વ સમયમાં દ્રવ્યમાંથી કેવળજ્ઞાનનો પ્રવાહ આવ્યા જ કરે એવું દ્રવ્ય છે, તેની પાસે એક સમયની પર્યાયની શું કિંમત! આવા ભગવાન પૂર્ણાનંદપ્રભુ જાતિ અપેક્ષાએ બધા સમાન છે એમ જ્ઞાની જુએ છે પણ પ્રદેશ બધાના જુદા જુદા છે, પ્રદેશ એક નથી.

જેમ એક જાતિના વૃક્ષ તરીકે બધા વૃક્ષ સમાન છે પણ એક એક વૃક્ષ પોતપોતાના પ્રદેશોની અપેક્ષાએ જુદું-જુદું છે. બધા વૃક્ષ એક થઈ જતાં નથી. પહાડ જાતિ અપેક્ષાએ બધા પહાડ એક છે તોપણ બધા પહાડ જુદા જુદા છે. સમ્મેદશિખરનો પહાડ, ગિરનારનો પહાડ, શેત્રુંજયનો પહાડ એમ પહાડ બધા જુદા જુદા છે. રત્નજાતિથી બધા રત્નમાં એકપણું હોવા છતાં દરેક રત્ન જુદું જુદું છે. દરેકની કિંમત સ્વતંત્ર છે. ઘડાની જાતિ તરીકે બધા ઘડામાં એકત્વ છે પણ બધા ઘડા જુદા જુદા છે. કેટલા દાખલા આપ્યા છે! વેદાંતની જેમ બધું એક જ છે એમ કોઈ માની ન લ્યે તે માટે આટલા દાખલા મૂકી દીધા છે.

જાતિની અપેક્ષાએ બધા જીવો એક છે એટલે બધા એક જ છે એમ નહિ પણ જેવું એક જીવનું સ્વરૂપ છે તેવું જ બધા જીવનું સ્વરૂપ સમાન છે માટે એકરૂપ કહ્યું છે. જેમ પુરુષ જાતિ અપેક્ષાએ બધા પુરુષો સમાન છે પણ વ્યક્તિ તરીકે બધા પુરુષો અલગ-અલગ છે તેમ.

શ્રોતા :–ક્ષાયિક, ક્ષયોપશમિક, ઔદયિક અને ઔપશમિક આ ચાર ભાવને કેમ સાવરણ કહ્યાં છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–આ ચાર ભાવો પર્યાય છે, કર્મની સાપેક્ષ છે અને તેના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી માટે તેને સાવરણ એટલે કે આવરણ સહિત કહ્યા છે. એક અપેક્ષાએ ચારેય ભાવ પારિણામિકભાવે છે એમ કહ્યું છે જ્યારે એક અપેક્ષાએ પંચાસ્તિકાયમાં કહ્યું છે કે ચાર ભાવ કર્મ વિના હોતા નથી માટે તેને 'કર્મકૃત' કહેવાય છે. ઔદયિક અને ક્ષાયોપશમિકભાવમાં કર્મના ઉદયની અપેક્ષા છે અને ક્ષાયિક તથા ઔપશમિકભાવમાં કર્મના અભાવની અપેક્ષા છે. એક પારિણામિકભાવ જ કર્મની અપેક્ષા વિનાનો છે.

ત્યાં શિષ્યે પ્રશ્ન ઉઠાવ્યો કે મહારાજ! આત્મા જ પોતાના ભાવનો કર્તા છે તો ચાર ભાવને કર્મકૃત કેમ કહ્યાં? ભાઈ! એ ચાર ભાવમાં કર્મના ઉદય કે અભાવની અપેક્ષા આવે છે તે અપેક્ષાએ તેને કર્મકૃત કહ્યાં છે પણ ભાવ તો ચારેય જીવના જ છે. આ જ ચારેય ભાવોને જયધવલમાં પારિણામિક કહ્યાં છે. ઔદયિકભાવને પણ પારિણામિક કહ્યો કેમ કે વિકાર પણ જીવ પોતાના ષટ્કારકથી કરે છે, વિકાર કરવામાં પણ જીવ સ્વતંત્ર છે.

માટે જ્યાં જે અપેક્ષા છે તે બરાબર સમજવી જોઈએ. ચાર ભાવને સાવરણ કહેવાનું કારણ એ જ છે કે તે ભાવોમાં નિમિત્તની સાપેક્ષતા આવે છે. વળી, આ ચાર ભાવોના લક્ષે વિકલ્પ ઉત્પન્ન થાય છે માટે તે સાવરણ છે. પૂર્ણાનંદ ભગવાનના લક્ષે વિકલ્પ ઉત્પન્ન થતા નથી માટે તે નિરાવરણ છે.

આવી વાત સર્વજ્ઞ જૈન પરમેશ્વર સિવાય બીજે ક્યાંય નથી. આત્માનું સમ્યક્ ભાન થતાં 'સબ આગમભેદ સુઉર બસે...' પૂરા આગમમાં ક્યાં શું કહ્યું છે તે બધું હૃદયમાં બેસી જાય છે.

પ્રવચનસારની ૮૬મી ગાથામાં 'સહૃદયજનો' એટલે શાસ્ત્રમાં જે વખતે જે ભાવનો પ્રસંગ હોય તે ભાવોને હૃદયમાં ગ્રહનાર બુધજનને સહૃદય કહેવામાં આવ્યા છે. ધર્માત્માએ ભાવજ્ઞાનના અવલંબનથી દૃઢ કરેલા પરિણામથી દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવો. ભાવજ્ઞાન વિના શાસ્ત્ર શું કહે છે, કઈ અપેક્ષાથી કહે છે તે નહિ સમજાય. અંતરના કપાટ ખૂલે ત્યાં જ્યાં જ્યાં જે કહ્યું હોય બધું હૃદયપટમાં આવી જાય છે.

અહીં કહે છે કે ભગવાન આત્મા બધા એક જાતિના હોવા છતાં કાંઈ એક થઈ જતાં નથી, બધા અલગ-અલગ છે.

હવે આમાં કોઈ પરવાદી પ્રશ્ન કરશે તે પછી કહેવાશે. *(ક્રમશઃ)*

❀

**અહીં તો પરથી પોતાને સંકેલી લેવાની વાત છે. છ દ્રવ્યો છે તે જ્ઞેય છે એમ નથી, કેમ કે છ દ્રવ્યોને લઈને તેને જાણવાની પર્યાય થઈ નથી પણ પોતાના જ્ઞાનથી જ્ઞાનની પર્યાય થઈ છે માટે જ્ઞાનની પર્યાય જ્ઞેય છે પરંતુ છ દ્રવ્યો જ્ઞેય નથી.**

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :—ચોથા ગુણસ્થાનવાળો નિર્વિકલ્પદશામાં હોય અને પાંચમા ગુણસ્થાનવાળો સવિકલ્પદશામાં હોય તો આનંદનું વેદન વિશેષ કોને હોય?*

સમાધાન :—નિર્વિકલ્પ દશામાં આનંદનું વેદન જુદું જ હોય છે, તેનો સવિકલ્પ સાથે મેળ કરાય જ નહિ. સરખામણી સવિકલ્પની સવિકલ્પ સાથે કરાય. નિર્વિકલ્પ-સવિકલ્પની સરખામણી કરાય જ નહિ. ચોથા ગુણસ્થાનની સવિકલ્પદશા કરતાં પાંચમા ગુણસ્થાનની સવિકલ્પદશામાં શુદ્ધિ–નિર્મળતા–શાંતિ–સમાધિ વધારે છે. સવિકલ્પ સાથે સવિકલ્પની અને નિર્વિકલ્પ સાથે નિર્વિકલ્પની સરખામણી કરાય. જો નિર્વિકલ્પ સવિકલ્પ જેવું થઈ ગયું તો નિર્વિકલ્પ કાંઈ જુદું રહ્યું જ નહિ. નિર્વિકલ્પ સ્વાનુભૂતિનો કોઈ જુદો પ્રકાર જ ન રહ્યો. કે પાંચમા ગુણસ્થાનનું સવિકલ્પ અને ચોથા ગુણસ્થાનનું નિર્વિકલ્પ બંને સરખાં છે એમ ન હોય! નિર્વિકલ્પદશા કાંઈ જુદી રહી જ નહિ. જ્ઞાનીને સવિકલ્પમાં રાગની આકુળતાનું વેદન અને શાંતિ સાથે વેદાઈ રહ્યાં છે. અને નિર્વિકલ્પદશામાં એકલો આનંદ વેદાઈ રહ્યો છે. એ રીતે તેમાં ફેર પડે છે. એકલો પોતાનો આનંદ વેદાઈ રહ્યો છે, જેમાં આકુળતા એકદમ અબુદ્ધિપૂર્વક છે તેનો પોતાને ખ્યાલ પણ નથી આવતો. એકલી નિરાકુળતા, એકલો આનંદ વેદાય છે. ઉપરની ભૂમિકાવાળાને સવિકલ્પમાં ભલે શાંતિ વધારે હોય પણ આકુળતા અને નિરાકુળતા બંને મિશ્રિત છે. તે મિશ્રિત વેદન અને એકલું નિર્વિકલ્પ વેદન તેમાં ફેર છે.

મુમુક્ષુઃ—બંને જાત જ જુદી થઈ જાય છે.

બહેનશ્રીઃ—સવિકલ્પદશા રાગમિશ્રિત છે. નિર્વિકલ્પદશામાં એકલો આનંદ છે, એમ ફેર છે. વિભાવ-સ્વભાવ વચ્ચે જેવો ભેદ છે એવો ભેદ નહિ. જ્ઞાની સવિકલ્પદશામાંથી નિર્વિકલ્પદશામાં તો ક્યાંનો ક્યાં ચાલ્યો ગયો! જુદા દેશમાં ચાલ્યો ગયો. આત્મામાં ડૂબી ગયો, સ્વાનુભૂતિમાં અંદર લીન થઈ ગયો. એ દશા! અને સવિકલ્પદશા જે આકુળતા સાથે રહેલી છે, તેમાં ફેર છે. તેની સાથે તેની મીંઢવણી કરાય જ નહિ. ચોથે ગુણસ્થાને સમ્યગ્દષ્ટિની ભૂમિકા નીચી છે અને દશા વધી ગઈ છે એવું પણ નથી. છતાં તેના વેદનમાં તે ક્ષણે જ ફેર છે.

મુમુક્ષુઃ—સવિકલ્પદશામાં પરિણતિમાં સાથે આકુળતા રહેલી છે?

બહેનશ્રીઃ—આકુળતાની સાથે પરિણતિમાં શાંતિ પણ છે. ઉપયોગ બહાર જાય છે તેમાં આકુળતા સાથે રહેલી છે. પ્રશસ્ત કે અપ્રશસ્ત ભાવ જે હોય પણ તેની સાથે આકુળતા છે. રાગનો વિકલ્પ છે. એકલું નિર્વિકલ્પ-વિકલ્પ વગર નિવૃત્તમય પરિણતિ, એકલી શાંતિમય પરિણતિ, જ્યાં બીજો કોઈ વિકલ્પ ઊઠતો નથી, અરે! જ્યાં સૂક્ષ્મ અબુદ્ધિપૂર્વનો વિકલ્પ પણ એકદમ ગૌણ છે. જાણે છે કે નથી એવી દશા! તે દશાની સાથે સવિકલ્પતાની મીંઢવણી ન કરાય. ભૂમિકા ભલે વર્તમાન ગમે તે હોય.

*પ્રશ્ન :—જેમ બહારથી જુદી જુદી વ્યક્તિને ઓળખી શકાય તેમ અંતર પુરુષાર્થ કરે તો પોતાનો આત્મા ઓળખી શકાય? સ્પષ્ટ ઓળખી શકે?*

સમાધાન :—હા, આત્મા ઓળખી શકાય, પોતે જ છે. જ્ઞાન જ્ઞાનને ઓળખી શકે છે. એવો સૂક્ષ્મ ભેદ પાડી શકે છે. સ્પષ્ટ ઓળખી શકે. જેમ બહારમાં તેને શંકા પણ નથી પડતી, અને કોઈ તર્ક કરે કે તે આ માણસ નથી, તો કહે કે તે જ છે. વિચાર્યા વગર, તર્ક વગર પોતે નક્કી કરી નાખે છે કે તે આ જ માણસ છે, બીજા બધા કહે તે ખોટું છે. તેમ પોતાનું નક્કી કરી શકે કે આ હું જ છું, આ મારું જ અસ્તિત્વ છે. તર્ક વગર નિઃશંકપણે પોતાને ગ્રહણ કરી શકે કે આ હું જ છું, બીજો હું નથી, રાગાદિ હું નથી, એમ નિઃશંકપણે ગ્રહણ કરી શકે છે, પણ પુરુષાર્થ કરતો નથી.

❋ ❋ ❋

## વૈરાગ્ય સમાચાર :—

સુરતનિવાસી શ્રી સુરેશભાઈ ભુરાલાલ કામદારના ધર્મપત્ની શ્રી ચંદનબાળાબેન (વર્ષ–૫૫) તા. ૧૦-૩-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જામનગરનિવાસી સ્વ. શ્રી વકીલ વીરજીભાઈ વારીયાના પૌત્ર શ્રી સૂર્યકાંતભાઈ વસનજીભાઈ વારીયા (વર્ષ–૭૮) તા. ૨૯-૫-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વની ઘણી રુચિ હતી.

જામનગરનિવાસી સ્વ. શ્રી વકીલ વીરજીભાઈ વારીયાના પૌત્ર શ્રી હરકિશનભાઈ કાંતિલાલ વારિયા (વર્ષ–૭૩) તા. ૨૩-૬-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વનો ઘણો રસ હતો, વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મ-અમૃતવાણીનો લાભ લેતા હતા.

રાંચીનિવાસી શ્રી મહેન્દ્રભાઈ અનોપચંદ ખારાના ધર્મપત્ની આશાબેન (વર્ષ–૫૬) તા. ૧-૭-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❋ ❋ ❋

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી છઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન |

**નન્દીશ્વર-અષ્ટાહ્નિકા :**—અષાઢ સુદ ૮, રવિવાર તા. ૨૨-૭-૨૦૦૭ થી અષાઢ સુદ ૧૫, રવિવાર તા. ૨૯-૭-૨૦૦૭—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' અને અધ્યાત્મતત્ત્વ-જ્ઞાનોપાસનાપૂર્વક મનાવવામાં આવશે.

**રક્ષાબંધનપર્વ :**—શ્રાવણી પૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૨૮-૮-૨૦૦૭, મંગળવારના દિવસે પૂજા-ભક્તિના આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

* * *

અધ્યાત્મવિદ્યાસ્થલી સોનગઢમાં—

## ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધના-સ્થલી શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૪મી જન્મજયંતી (તા. ૨૬-૮-૨૦૦૭ થી તા. ૩૦-૮-૨૦૦૭)ના મંગલમય અવસર પ્રસંગે અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થી મહાનુભાવો માટે તા. ૨૨-૮-૨૦૦૭, બુધવારથી તા. ૧૦-૯-૨૦૦૭, સોમવાર—વીસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચના :—બહાર ગામથી આવતા શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.

ચેન્નાઈનિવાસી કાંતિલાલ અમીચંદ કામદાર પરિવાર
હ. પ્રવીણાબેન, અશ્વિનભાઈ તથા ભરતભાઈ દ્વારા

*અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ સંપન્ન થવાવાળી*
*પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની*

# ૯૪મી જન્મજયંતી

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને કારણે તેઓની ૯૪મી જન્મજયંતી આ વર્ષે ચેન્નાઈનિવાસી કાંતિલાલ અમીચંદ કામદાર પરિવાર હ. પ્રવીણાબેન, અશ્વિનભાઈ તથા ભરતભાઈ તરફથી અતિ આનંદોલ્લાસ સહ સંપન્ન થશે. પૂજ્ય બહેનશ્રીની આ ૯૪મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન તા. ૨૬-૮-૨૦૦૭, રવિવાર થી તા. ૩૦-૮-૨૦૦૭, ગુરુવાર—પાંચ દિવસ સુધી શ્રી ત્રણ ચોવીસી મંડલ-વિધાન પૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમયુક્ત સંપન્ન થશે. આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની આનંદોત્સાહવર્ધક પંચપરમમાગમ-અનુવાદકરૂપ શુભ ઉપકારછાયામાં સંપન્ન થવાવાળા આ પંચાહ્નિક અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક ટેપ-પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૨૨-૮-૨૦૦૭થી તા. ૧૦-૯-૨૦૦૭—વીસ દિવસ સુધી ચાલનાર (પુરુષો માટે) ધાર્મિક શિક્ષણવર્ગ–ઇત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિ:શુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા માટે હાર્દિક અનુરોધ છે.

સૂચના :—નિમંત્રણપત્રિકાની શુભ લેખનવિધિ સોનગઢમાં તા. ૩-૮-૨૦૦૭ને અષાઢ વદ ૫ના રોજ રાખેલ છે.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ અંદર ભગવાન આત્મા કે જે અનંત અનંત અતીન્દ્રિય શાંતિ અને આનંદનો સાગર છે, તેનો મહિમા અને રાગાદિ વિકલ્પરૂપ સંસારનો મહિમા—એ બન્ને એકસાથે રહી શકે નહિ. જેને શુભાશુભ રાગનો ને તેના કર્તાપણાનો મહિમા છે તેને આનંદનો નાથ અને વિશ્વનો ઉદાસીન સાક્ષી એવા નિજ ચૈતન્ય પ્રભુનો મહિમા નથી. જેમાં પરનું કરવું-ભોગવવું કાંઈ છે નહિ, માત્ર અંદર સ્વરૂપમાં સ્થિત રહેવાનું છે એવા ચારિત્રવંત શાંત શાંત અકષાયસ્વભાવી નિજ ચૈતન્યનો મહિમા ને રાગાદિ સંસારનો મહિમા એકસાથે રહી શકે નહિ. ૪૧૫.

❀ ભરતચક્રવર્તી ને બાહુબલીજી કે જેઓ તદ્‌ભવ મોક્ષગામી હોવા છતાં યુદ્ધે ચઢ્યા અને જ્યારે ત્રણે યુદ્ધમાં ભરતજી હાર પામ્યા ત્યારે ક્રોધાવેશમાં ભાઈને મારવા ચક્ર ફેંક્યું! જુઓ તો ખરા! ભાઈને મારી નાખવાનો ક્રોધ ધર્માત્માને આવ્યો! અને તે છતાં જેમ દરિયો ઉપરની સપાટીએ કદાચિત્ ઉછળતો હોય તોપણ નીચેની અંદરની સપાટીએ તો શાંત ગંભીરપણે રહ્યો છે તેમ જ્ઞાનીને અસ્થિરતાના કારણે કદાચિત્ આવો ક્રોધ આવી જાય તોપણ અંતરમાં જ્ઞાતાદૃષ્ટાનો ગંભીર પ્રવાહ વહે છે. તેથી ક્રોધના સમયે પણ ભરતજી ચક્ર ફેંકવાની ક્રિયાના તથા ક્રોધના પરિણામના માત્ર જ્ઞાતા જ છે, કર્તા નથી. અરે! બાહુબલીજી પણ એમ જાણે છે કે ચક્ર ફેંકવાની ક્રિયાના કે મારા પ્રત્યેના ક્રોધના કર્તા ભરતજી છે જ નહીં, ભરતજી તો જ્ઞાતાદૃષ્ટા જ છે. જુઓ તો ખરા ધર્મીની લીલા! બહારમાં ચક્ર ફેંકાતા લોકોમાં હાહાકાર મચી જાય છે અને અંતરમાં બંને ધર્માત્મા માત્ર જ્ઞાતાદૃષ્ટાપણે વર્તી રહ્યા છે. અહીં તો કહે છે કે લડાઈની તે ક્રિયા અને તે વખતના ક્રોધનો, દ્વેષનો વિકલ્પ તેનો કર્તા તો જ્ઞાની નથી, તેમાં નિમિત્ત પણ જ્ઞાની નથી, પણ તે ક્રોધાદિ તેઓ જ્ઞાનીના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. ૪૧૬.

❀ આ જ્ઞાયક આત્માને વિભાવભાવરૂપ અશુદ્ધપણું તો દૂર રહો અર્થાત્ છે જ નહીં પણ તેને દર્શન–જ્ઞાન–ચારિત્ર એવા ભેદ પણ નથી. અભેદ જ્ઞાયકભાવમાં ભેદની હયાતી જ નથી. સમ્યગ્દર્શનનો વિષય જે એકરૂપ અભેદ જ્ઞાયકભાવ તેમાં ર્શન–જ્ઞાન–ચારિત્ર એવા ભેદો વિદ્યમાન નથી. ૪૧૭.



❀

આત્મધર્મ
જુલાઈ-૨૦૦૭
અંક-૧૧ * વર્ષ-૧

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

# * તમારા ભાવોને તો તમે જુઓ *

સંસારના કામ કેમ કરવા અને કેમ પાર પાડવા એ ચતુરાઈના કામ છે એવું અજ્ઞાની અભિમાન કરે છે પણ ભાઈ એ ચતુરાઈ નથી, અન્યાય છે, કાળાકેર છે. ઘણાં વર્ષો પહેલાં એક અનુભવ થયેલો. અમે મુંબઈથી માલ લઈને આવતાં હતાં સાથે એક સંસારનો ખટપટી ભાઈ હતો. તેની પાસે ટિકીટ બે હતી પણ માલ આઠ ટીકીટનો હતો. કીધું આ માલનું વજન કરાવીને પૈસી ભરી દેવા જોઈએ તો કહે તમે ભગતડાં કાંઈ જાણો નહિ. હમણાં જુઓ કેવી ચતુરાઈથી માલ ચડાવી દઉં છું! પછી ઉતારવા ટાઈમે તો પોતાનું ગામ છે ત્યાં કાંઈ વાંધો નથી. પણ એલા! સત્યને બદલે અસત્ય થાય છે તેનો કાંઈ વાંધો તારા પરિણામમાં નથી? આને ડાહપણ ન કહેવાય, કાળાકેર કહેવાય. ભલે પોલિસ તમને ન પકડે પણ તમારા ભાવને તો તમે જુઓ! આમ તો કપાળે મોટું તિલક કરો છો અને આવા પરિણામ!!

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor Hiralal Bhikhalal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

SONGADH DELI
24 7 07
364250